## વડીલોને વંદન અભિનંદન


પુરૂષોત્તમ માધવલાલ પટેલ
(૧૯૩૯)ફોનઃ ૨૩૨૩૩૧૬૫


જ્યોતિન્દ્ર મોહનલાલ દવે
(૧૯૪૩)ફોનઃ ૨૩૨૨૩૮૬૪


શોભનાબા અર્જુનસિંહ વાઘેલા
(૧૯૫૧)મો.૯૪૨૮૨૧૭૫૪૮

# ટેકનોલોજીએ સામાન્ય નાગરિકોનું સશકિતકરણ કર્યું છે : નરેન્દ્ર મોદી

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હીમાં ગુગલ આયોજિત BIG TENT SUMMITને વિડિયો કોન્ફરન્સ માધ્યમથી સંબોધતા આજે જણાવ્યું હતું કે ટેકનોલોજીથી નાગરિકોનું સશકિતકરણ થયું છે અને રાજનીતિમાં રાજકારણીઓને પોતાની કાર્યક્ષમતા પૂરવાર કરવાની ફરજ પડી છે.

ગુગલની આ સમિટમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીને ટેકનોલોજી ઈન પોલિટીકસ (રાજનીતિમાં ટેકનોલોજીના પ્રભાવ) વિષયક પોતાના વિચારો પ્રસ્તુત કરવા ઈજન આપવામૌં આવ્યું હતું.

આજે બપોરે ગાંધીનગરમાં તેમના નિવાસસ્થાનેથી વિડિયો કોન્ફરન્સ દ્વારા મુખ્યમંત્રીશ્રીએ ગુગલ-હેન્ગ આઉટ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે ટેકનોલોજી રાજકારણી વર્ગ માટે પડકારરૂપ છે પરંતુ તેનો સાચી દિશામાં ઉપયોગ થાય તો સ્થિતિ બદલવામાં તે એક સક્ષમ માધ્યમ બની શકે છે. આજે સામાન્ય માનવીને WWW-વર્લ્ડ (આઈ.ટી. કનેકટીવિટી) સાથે જોડીને વિકાસ આધારિત રાજનીતિના એજન્ડા માટે નાગરિકોનું સશકિતકરણ કરી શકાય છે. આપણા માટે આ પડકાર છે, પરંતુ લોકશાહીમાં સામાન્ય માનવીનો અવાજ રજૂ કરવાથી માંડીને સમસ્યાઓના સમાધાન અને નીતિ-નિર્ધારણ માટે રાજનીતિની પ્રક્રિયામાં સામાન્ય જનને પણ સહભાગી બનાવી શકાય છે.



મુખ્યમંત્રીશ્રીએ અગાઉના સમયમાં રાજકારણીઓ ટેકનોલોજીનો ઉપયોગ જનસમૂહના સંપર્ક-પ્રસાર માટે કરતા હતા પરંતુ હવે વેબ-કનેકટેડ ટેકનોલોજી, ઈન્ટરનેટ અને સોશ્યલ મિડિયાના સાર્વત્રિક પ્રભાવના પરિણામે રાજનીતિ ઉપર ટેકનોલોજી એક પડકાર બની રહી છે અને નાગરિકો માટે લોકતંત્ર આધારિત રાજકારણમાં આમૂલ પરિવર્તન આવ્યું છે, એની સવિસ્તર ભૂમિકા આપી હતી.

ભારત જેવા વિશાળ લોકશાહી દેશમાં ઈન્ફરમેશન ટેકનોલોજીથી થયેલા નાગરિક સશકિતકરણનો નિર્દેશ આપતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે હવે રાજકારણીને પોતાના વિચારો જનતા સુધી મૂકવાને બદલે નાગરિકોએ ટેકનોલોજીના માધ્યમથી જે વિચારો-સૂચનો રાજકારણી સુધી મૂકયા છે તેને ધ્યાનમાં લેવા પડે છે.

## સામુહિક-પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાન બાંધવા રૂ. ૧૫૩૮.૨૧ લાખ મંજૂર

મહેસાણા, તા. ૨૧

મહેસાણા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રના અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાન બાંધવા તા. ૩૧-૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૧૫૩૮.૨૧ લાખની રકમ મંજૂર કરવામાં આવી છે. તેવું વિધાનસભાગૃહમાં તારાંકિત પ્રશ્નોત્તરીકાળ દરમિયાન આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું.

આરોગ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આ મંજુર કરવામાં આવેલી રકમમાંથી જોટાણા, કુકરવાડા, બેચરાજી, નંદાસણ, કલ્યાણપુરા, વસાઈ, ગોઠવા, ડાંગરવા, સૂઢીયા, પીલવાઈ અને સોખડામાં બાંધકામ હાથ ધરવામાં આવશે. સોખડા અને કલ્યાણપુરમાં કામગીરી શરૂ થયેથી એક વર્ષમાં અને અન્ય સ્થળોએ કામગીરી જુદા જુદા તબક્કે પ્રગતિ હેઠળ છે.

સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા તાલુકામાં મટોડા ખાતે રૂ. ૪૨.૨૦ લાખના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ નક્કી કરવામાં આવ્યું છે.

## ધોરણ-૧૨ સાયન્સમાં આજે જીવવિજ્ઞાન પેપર

અમદાવાદ, તા. ૨૧

રાજ્યમાં ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા પૂર્ણ થઈ ચુકી છે. ત્યારે શુક્રવારે ધોરણ-૧૨ સાયન્સ જીવવિજ્ઞાનની પરીક્ષા લેવાશે. જેમાં ધોરણ-૧૨ સાયન્સમાં બી વિભાગ અને એ અને બી બન્ને વિભાગ પસંદ કરનારા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

ધોરણ-૧૨ સાયન્સમાં ગણિતના પેપર બાદ રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાનના પેપર પ્રમાણમાં સરળ નિકળતા વિદ્યાર્થીઓને રાહત થઈ છે. તેમાંય ખાસ કરીને બી વિભાગના વિદ્યાર્થીઓએ તો ગણિતનું પેપર ન આવડતું હોવાથી પ્રથમ બન્ને પેપર સારા જવાના કારણે તમામ આશાઓ જીવવિજ્ઞાનના પેપર ઉપર મંડરાયેલી છે. જો કે ગણિતના પેપરને લીધે ઉંચા સ્કોરીંગ કરવા માગતા વિદ્યાર્થીઓને તકલીફ થઈ શકે છે.

### કંપની સમાચાર

## જવલ્લેજ થતી પેરીફેરલ વાસ્ક્યુલર શસ્ત્રક્રિયા રાજસ્થાન હોસ્પિટલમાં સફળતાપૂર્વક કરાઈ

### નાના કાપાથી થયેલી આ શસ્ત્રક્રિયાએ પેરીફેરલ વાસ્કયુલર બ્લોકેજના દર્દીઓમાં આશા જગાવી

તબીબી સુવિધાના ક્ષેત્રે વિશ્વાસપાત્ર નામ ધરાવતી ગુજરાત રિસર્ચ એન્ડ મેડિકલ ઈન્સ્ટીટ્યુટ (રાજસ્થાન હૉસ્પિટલ) કે જે હંમેશા શ્રેષ્ઠતાના ઉદાહરણો પૂરાં પાડતી રહી છે, તેણે બ્લોકેજનો અટપટો કેસ ધરાવતા દર્દીના ઓપરેશનમાં ગુજરાતમાં સૌ પ્રથમવાર પેરીફેરલ કટીંગ બલૂન પધ્ધતિનો ઉપયોગ કરીને એક નવું સિમાચિહ્ન સ્થાપ્યું છે. આ ખૂબ જ અટપટી શસ્ત્રક્રિયામાં બિન -પરંપરાગત અભિગમ અપનાવીને પ્રસિધ્ધ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ડૉ. હિતેષ શાહે આ ઓપરેશન કર્યું હતું. અટપટી શસ્ત્રક્રિયાવાળા ઈન્ટરવેન્શનલ ઓપરેશનમાં નાના કાપા દ્વારા ઓપરેશન કરાતાં ઓપરેશન સાથે સંકળાયેલું જોખમ અને ઓપરેશનમાં લાગતા સમયમાં ઘટાડો થયો હતો. આ શસ્ત્રક્રિયા અંગે વિગતો આપતાં ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ડૉ. હિતેષ શાહે જણાવ્યું હતું કે’’પેરિફેરલ કટીંગ બલૂન એ એક વિશેષ પ્રકારની ડિવાઈસ છે કે જેમાં બલૂનને લોંગીટ્યુડીનલ માઈક્રોસર્જીકલ બ્લેડ દ્વારા માઉન્ટ કરાય છે. આ ફાઈબ્રિઓટીક સ્ટેનોસીસ માટે યુએસએફડીએ દ્વારા માન્ય કરાયેલી પધ્ધતિ છે. આ ડિવાઈસ ભારતમાં નવી છે અને ગુજરાતમાં આ પ્રક્રિયાથી સૌ પ્રથમવાર ઓપરેશન કરવામાં આવ્યું છે. આ અનોખો વિકલ્પ બાયપાસના ઉપચારની એક પધ્ધતિ છે જેના અસરકારક પરિણામો આવ્યા છે, પણ આપણે દર્દીના લક્ષણો બાબતે હંમેશા કાળજી દાખવીને કશુંક અણધાર્યું બને તો જરૂરી તબીબી સારવાર આપવાની તૈયારી રાખવી જોઈએ. હંમેશા સાંધાઓમાં બહેરાશ અથવા તો ખાલી ચઢવી, પીડા, ઘા અથવા ધીમેથી રૂઝાતા અલ્સરની ઈજા જેવા લક્ષણો બાબતે હંમેશા કાળજી દાખવવી જોઈએ. આ ઉપરાંત અસર પામેલા વિસ્તારમાં રંગ, ઉષ્ણતામાન અથવા વાળ કે નખની વૃધ્ધિમાં ઘટાડા જેવા લક્ષણો બાબતે કાળજી દાખવવી જોઈએ. અમે રાજસ્થાન હૉસ્પિટલમાં દર્દીની કાળજી લેવાની બાબતને મહત્વનો ઉદ્દેશ સમજીને આ હેતુ માટે અદ્યતન ટેકનિક્સ અને આવશ્યક પ્રક્રિયાઓ અમલી બનાવી છે.’’ જે દર્દી ઉપર ઓપરેશન કરાયું હતું તે ૫૬ વર્ષનો લક્ષ્મણ મીણા ખેરવડા, ઉદયપુરનો રહેવાસી હતો. મગજના જમણા ભાગમાં જતી મુખ્ય સ્ટેમ આર્ટરી(Brachiocethalic Artery)માં તે બ્લોકેજ ધરાવતો હતો. આ બ્લોકેજને પરિણામે રક્તનલિકાનો એ હિસ્સો સખત અને જાડો બની ગયો હતો અને પરંપરાગત બલૂન પધ્ધતિથી તેની સારવાર થઈ શકે તેમ ન હોતી. પેરિફેરલ કટીંગ બલૂન એન્જીઓપ્લાસ્ટીનો ઉપયોગ કરીને ડોકટરો આ બ્લોકેજ જોખમમાં ઘટાડો થાય તે રીતે દૂર કરી શક્યા હતા. આ કેસમાં પેરિફેરલ કટીંગ બલૂન એન્જીઓપ્લાસ્ટીનો ઉપયોગ મગજના એ જ ભાગમાં આવેલા બે અન્ય બ્રેઈન આર્ટરી (Carotid Artery) અને આર્મ આર્ટરીનો બ્લોકેજ નિવારવા માટે ઉપયોગ થઈ શક્યો હતો. ભારતમાં પેરિફેરલ આર્ટરીઝના રોગોનો વ્યાપ વધતો જાય છે અને ગુજરાતના એક સર્વેક્ષણમાં જણાયું છે કે એકંદરે ૬ થી ૭ ટકા વસ્તી આ રોગનો ભોગ બનતી હોય છે.

## મણિનગર ખાતે રમેશભાઈ ઓઝાની વ્યાસપીઠે રામકથાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

અમદાવાદ શહેરના મણિનગર પાસેના ઉત્તમનગર ‘અયોધ્યાધામ’ ખાતે તા. ૧૧મી એપ્રિલથી ૧૯મી એપ્રિલ-૨૦૧૩ દરમિયાન અલૌકિક રામકથા તથા શ્રી રામચરિતમાનસ પારાયણનું આયોજન પ.પૂ. રમેશભાઈ ઓઝાની વ્યાસપીઠે યોજાશે. સંતોની ઉપસ્થિતિમાં ૧૧મી એપ્રિલે સવારે ૮ કલાકે બી-૫ આનંદ સોસાયટી, વિભાગ-૨, જયમાલ, ઈસનપુર, અમદાવાદથી પોથીયાત્રા પ્રયાણ કરી કથા સ્થળ પર જશે. દીપ પ્રાગટ્ય ૧૦ કલાકે થશે અને રામચરિત માનસ અનુષ્ઠાન સવારે ૯ થી ૧૨ તથા રામકથા શ્રવમ સાંજે ૩.૩૦ થી ૭ કલાક દરમિયાન યોજાશે. કથા પ્રારંભે મેયર અસિતભાઈ વોરા અને સંસદ સભ્ય હરિનભાઈ પાઠક ખાસ ઉપસ્થિત રહેશે.

## વનશ્રી ટ્રસ્ટે વિશ્વ વન દિન ઉજવ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના વનશ્રી ટ્રસ્ટ દ્વારા ૨૧મી માર્ચે વિશ્વ વન દિવસની ઉજવણીના ભાગરૂપે ઈકો ક્લબના બાળકોને વૃક્ષ બચાવો, જંગલ બચાવોની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું તથા જરૂરી માહિતી આપવામાં આવી હતી.

ઈકો ક્લબના બાળકોને જંગલોની માહિતી આપી તેની ઉપયોગીતા જણાવી હતી. વનો અને ઝાડ કપાતા અટકાવવા અને વૃક્ષોની માહિતી આપતી પત્રિકાઓ આપવામાં આવી હતી. ગ્રીન મોટીવેટર અંજના નિમાવત દ્વારા જીવન સૂત્ર ‘નેચર લવર બનો અને નેચર લવર બનાવો’ આપવામાં આવ્યું હતું. સમગ્ર સચાલન મહાવીર નિમાવત, દર્શિત પૂરોહિત અને નિલમ મચ્છાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## જીઆઈએલ દ્વારા રૂ. ૨.૧૫ કરોડનો ડિવિડન્ડ ચેક મુખ્યમંત્રીશ્રીને અર્પણ



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આજે ગુજરાત સરકારની ગુજરાત ઈન્ફોરમેટીકસ લિ. કંપની એ સને ૨૦૧૨-૧૩નો ડિવિડન્ડ પેટે રૂા. ૨.૧૫ કરોડનો ચેક અર્પણ કર્યો હતો.

આ પ્રસંગે વિજ્ઞાન ટેકનોલોજીના અધિક મુખ્ય સચિવશ્રી રવિ સકસેના, જીઆઈએલના ચેરમેન મેનેજિંગ ડિરેકટર શ્રી ગુરૂરાજરાવ, ડિરેકટરશ્રી નીતા શાહ અને સહયોગીઓ ઉપસ્થિત રહયા હતા. ગુજરાત ઈન્ફોરમેટીકસ લિ. કંપનીએ ગતવર્ષે રૂા. ૨૭.૩૫ કરોડના સૌથી અધિક ટર્ન ઓવર સાથે રૂા. ૧૩.૯૭ કરોડનો નફો મેળવેલો છે એમ શ્રી રવિ સકસેનાએ જણાવ્યું હતું.

## પ્રાંતિજમાં લોક આગેવાનોનો આરોગ્ય અંગે સેમિનાર યોજાયો

પ્રાંતિજ, તા.૨૧

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સાબરકાંઠાના ઉપક્રમે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.મનિષ ફેન્સીના માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ ઓફિસ પ્રાંતિજ દ્વારા લોક આગેવાનોના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં પ્રાંતિજ તાલુકાના તમામ સરપંચશ્રીઓ તથા અન્ય પદાધિકારીઓ હાજર રહ્યા હતા. જેમાં આરોગ્ય વિભાગની જુદી જુદી યોજનાઓ અને કાર્યક્રમો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી તથા તાજેતરમાં સ્વાઈન ફ્લુ અને ડેન્ગ્યુ જેવા રોગોના વધુ કેસો બનવા પામેલ હોવાથી તેનાથી બચવાના ઉપાયો, સારવાર અને તકેદારી પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. તદુપરાંત પ્રાંતિજ તાલુકા પુરૂષ અને સ્ત્રીના જાતિ પ્રમાણમાં ખૂબજ અસમતુલા ધરાવતો હોવાથી સમાજમાં દિકરીઓના મોભાને વધારવા તથા દિકરીના જન્મને દિકરાના જન્મની જેમ જ હર્ષોલ્લાસથી વધાવી લેવા ગામડાઓમાં લોક જાગૃતિ ઉભી થાય તેવા પ્રયત્નો કરવા સરપંચોને આહવાન કરવામાં આવ્યું હતું જેને તમામ સરપંચશ્રીએ વધાવી લીધું હતું.

### દહેગામ સ્વાઈન ફ્લુ (પાના નં. ૧ નું ચાલુ)

બીજી તરફ સ્વાઈન ફ્લુના મળી રહેલા છુટાછવાયા કેસોથી હરકતમાં આવેલા તંત્રએ આજે જિલ્લાના તમામ મેડીકલ ઓફિસરો સાથે એક સમીક્ષા બેઠકનું આયોજન જિલ્લા કક્ષાએ કરવામાં આવ્યું હતું. જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાકેશ વૈદ્યે જિલ્લાની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

આ સમીક્ષા બેઠકમાં તબીબી અધિકારીઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તેમજ શંકાસ્પદ કેસમાં તાકીદે જરૂરી સારવાર શરૂ કરવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એટલું જ નહિ જિલ્લા કક્ષાએ પણ સતત સંપર્કમાં રહેવા તાકીદ કરવામાં આવી હતી.

આજની આ બેઠકમાં ઉનાળાની આવી રહેલી સિઝનને ધ્યાને રાખી પાણીજન્ય તેમજ વાહકજન્ય રોગચાળા અંગે પણ સચેત રહેવા માટેની તાકીદ કરી દવાઓનો પુરતો જથ્થો રાખવા જણાવાયું છે.

ડૉ. રાકેશ વૈદ્યના જણાવ્યાનુસાર જિલ્લામાં છુટાછવાયા મળી રહેલા કેસો ચિંતાજનક જરૂર છે. પરિસ્થિતિ પર તંત્ર ચાંપતી નજર રાખી રહ્યું છે. હવામાનની પ્રતિકૂળતાઓને કારણે આ રોગના દર્દીઓ છુટાછવાયા મળી રહ્યા છે.

### જિલ્લાના ૧૪૮ ગામોમાં (પાના નં. ૧ નું ચાલુ)

મળતી વિગતો પ્રમાણે ગુણવત્તા ચકાસણી દરમ્યાન નાઈટ્રેટનું પ્રમાણ વધુ જણાતાં લોકોમાં અસ્થિને લગતા રોગોનું પ્રમાણ વધે તેવો ભય ઉભો થયો છે. ગ્રામીણ વિસ્તારોમાં સેકટર રિફોર્મ યોજનાના અસરકારક અમલીકરણ માટે તંત્રને કડક તાકીદ કરી જૂથ યોજનાઓ દ્વારા જ પાણી પુરવઠો આપવાની વિચારણા પૂર્ણ કરી લેવામાં આવી હોવાનો નિર્દેશ તંત્રના સૂત્રોમાંથી મળી રહ્યો છે અને હવે જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે ફરજીયાત નર્મદાનું પાણી આપવા અંગે જ આગળ વધવામાં આવશે તેમ આ સૂત્રોમાંથી જાણવા મળે છે.

### જળ સહયોગ સપ્તાહ (પાના નં. ૮ નું ચાલુ)

અભિગમ ઉપરાંત નેશનલ રૂરલ ડ્રીકીંગ વોટર પ્રોગ્રામ, પાણી સમિતિ દ્વારા હાથ ધરાયેલા કામો, સારા આરોગ્ય માટે શુદ્ધ પાણીનું મહત્વ તથા ગ્રામજનો પ્રશ્નોનાં નિરાકરણ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં સભ્ય સચિવ અને કાર્યપાલક ઈજનેર આર.એમ. મહેરીયા, કો-ઓર્ડીનેટર રાજેન્દ્ર પટેલ, કલોલ નાયબ કાર્યપાલક ઈજનેર પ્રીતીબેન ચૌહાણ, ગીરીશ અગોલા, દહેગામ તાલુકા વિકાસ અધિકારી તુષાર જાની તેમજ બ્લોક હેલ્થ ઓફીસરો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન વાસ્મોનાં કો-ઓર્ડીનેટર ડૉ. સ્નેહલ મકવાણાએ કર્યું હતું.

૨૨મી માર્ચનાં રોજ વિશ્વ જળ દિન નિમિત્તે પાણી પુરસ્કાર યોજનામાં ગાંધીનગર જિલ્લાની ઝોન કક્ષાએ દ્વિતીય ક્રમ મેળવનારી-મોતીપુરા (વેડા) અને જિલ્લા કક્ષાએ પ્રથમ-મોતીપુરા (વેડા), દ્વિતીય-ઈશ્વરપુરા (બદપુરા) તથા તૃતીય ક્રમ મેળવનાર-પ્રતાપપુરા (બાલવા) પાણી સમિતિઓને ગાંધીનગર ખાતે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે પ્રમાણ પત્ર તેમજ રોકડ પુરસ્કારોથી રાજ્યનાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા સન્માનિત કરવામાં આવશે.

### શહેરમાં રોજ (પાના નં. ૮ નું ચાલુ)

શહેરમાં પાણીની જરૂરીયાતને લઈ તંત્રએ તોતિંગ ખર્ચ કરી તમામ પ્રયાસો કરી લીધા છે. ત્યારે પાણીનો બગાડ ન થાય તે માટે પણ પ્રત્યેક નાગરિકે જાગૃત થવાની અનિવાર્યતા વર્તાઈ રહી છે. સેક્ટરોમાં ઘર આંગણે થતા પાણીના વેડફાટ ઉપરાંત શહેરની સરકારી ઓફિસોમાં પણ ખુલ્લા નળમાંથી પાણી વહેતુ હોવાનું છાશવારે નજરે પડે છે. પાણીની પોકારને નાથવા પ્રયત્નશીલ તંત્રને પાણીનો બગાડ અટકાવવા આમ નાગરિકોએ બગાડ અટકાવી મદદરૂપ થવા પણ અપીલ કરવામાં આવી છે. પાણીનો બગાડ અટકાવવા ચરેડી અને સરીતા ખાતે ફોન નં. ૨૩૨-૧૬૮૫૬ તેમજ ૨૯૨૮૯૧૪૩ ઉપર સંપર્ક કરવા પણ જણાવાયું છે.


## ગુજરાત મેરીટાઈમ બોર્ડ

**જાહેર નિવિદા નં.૧/૨૦૧૩-૧૪**

ઉપાધ્યક્ષ અને મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સ્ટેશનની સામે, સેકટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ તરફથી ટ્રેક શુટસ તથા સ્પોર્ટસ શુઝ સપ્લાય કરવા બાબતે રમતગમતના સાધનોના વિક્રેતાઓ પાસેથી સીલબંધ ભાવો મંગાવવામાં આવે છે.

| કામનું નામ | (૧) બાનાની રકમ રૂ. (૨) ટેન્ડર ફી રૂ. |
|---|---|
| ટ્રેક શુટસ (જી.એમ.બી.ના ડીઝાઈન અને લોગો સાથે)- કાપડ-જેક બ્રો-સુપર પોલી તથા સ્પોર્ટસ શુઝ કંપની-જોનેક્ષ-ટ્રેનર-સાબર મટીરીયલ | (૧) રૂ. ૧૦૦૦.૦૦ (૨) રૂ. ૩૦૦.૦૦ |

- કોરા ટેન્ડર પેપર આપવાની છેલ્લી તારીખ : **૨૫-૦૩-૨૦૧૩** ૧૬.૦૦ કલાક સુધી પોસ્ટથી ટેન્ડર મેળવવા માટે વધારાના રૂ. ૧૫૦/- ચુકવવાના રહેશે તથા ભરેલ ટેન્ડર ફક્ત રજિ. પોસ્ટથી પહોંચતા કરવાની છેલ્લી તારીખ : **૨૮-૦૩-૨૦૧૩** ઓફીસ સમય સુધીનો રહેશે.
- આશરે નંગ-૭૪ ટ્રક શુટસ તથા સ્પોર્ટસ શુઝ જુદી જુદી સાઈઝમાં સપ્લાઈ કરવાની રહેશે.
- ભાવો આખી જોડના (બુટના ભાવો સહીત) તમામ કરવેરા, વેટ તથા કચેરીએ ડીલેવરી કરવાના ચાર્જ સાથેના ભાવો ભરવાના રહેશે.
- કવર ઉપર ‘ગણવેશના ભાવો’ એમ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.
- વધુ વિગતો જેમ કે ડીઝાઈન, પટેન, લોગો, કલર વગેરે તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો ભાવ ભરતા પહેલાં અચૂક રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

**માહિતી/૨૪૯૮/૧૨-૧૩**


## શબ્દાવલી - ૫૦૧૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ |
| ૬ | ૭ | ■ | | ■ | ૮ | ■ | |
| ૯ | | ૧૦ | | ■ | ૧૧ | | |
| | ■ | | ■ | ૧૨ | | ■ | |
| ■ | ૧૩ | | ■ | | ■ | ૧૪ | ■ |
| ૧૫ | | ■ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ |
| ૧૯ | | ■ | | ■ | ૨૦ | | |
| | ■ | ૨૧ | | | | ■ | |

### આડી ચાવી

૧. તાળુ ભરાવવાની કડી (૩)
૪. ચીલાચાલુ ના હોય તેવું (૨)
૬. કિર્તી (૨)
૯. તરબતર (૪)
૧૧. રેશમી કાપડ જેમાંથી તૈયાર થાય તે (૩)
૧૨. ગુસ્સો, રીસ (૨)
૧૩. ઘરનું વડીલ, મોટું (૨)
૧૫. ... હવાલ, દશા (૨)
૧૬. ભરતી પછી... આવે જ (૨)
૧૭. થર્મોમીટર વગેરેમાં... નામનું પ્રવાહી હોય (૨)
૧૯. માણસ, પુરૂષ (૨)
૨૦. મુખ્ય હીરો, એક્ટર (૩)
૨૧. નામ સિવાયનું ખાસ વધારાનું નામ (૪)

### ઊભી ચાવી

૧. પતિ, સાજન (૪)
૩. નાનું કુણું પાન ઉગે તે (૩)
૫. સંમત, માની લેવું તે (૪)
૭. બાણ-તીર (૨)
૮. પ્રથા-રીત (૩)
૧૦. ઊંટનું બચ્ચું (૩)
૧૨. કાળજી, ધ્યાન રાખવું તે (૩)
૧૩. રીતભાત, વર્તન (૩)
૧૪. ઈલાજ, દવા (૩)
૧૫. ગેરહાજર ન હોવું તે (૩)
૧૬. ઓછું હોવું તે (૩)
૧૮. રોકડું, નકદ (૩)
૨૦. વ્યક્તિની ઓળખ માટે દરેકનાં.......... પાડવા પડે (૨)

### શબ્દાવલી ૫૦૧૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) હાલકડોલક (૫) કામના (૭) લકવાગ્રસ્ત (૧૦) હિમ (૧૧) લાટ (૧૨) વકીલાત (૧૫) ફાનસ (૧૬) પ્રયોગ (૧૮) મીસાલ (૨૦) લસપસ (૨૩) યત્ન (૨૪) ખડી (૨૫) ખાણ

**ઊભી ચાવી :-** (૧) હાલક (૨) કચવાટ (૩) કકા (૪) અનામત (૬) મહિલા (૮) કલા (૯) સ્તવન (૧૩) કીસમીસ (૧૪) સંપ્રદાય (૧૭) ગલ (૧૯) લસણ


SANGHI CEMENT | KisaN | VINAYAK 500 TMT BARS - ISI | SANGHI STEEL - ISI | BENELAVE | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## ઈશ્વરકૃપા ટાયર સર્વિસ



ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! | CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

## અલ્ટ્રાટેક સિમેન્ટ

એંજિનિયરની પસંદગી



FAIR MATE Water Proofing Solution | VIRAT TMT BARS | UTKARSH TMT BARS

સાથ, સહકાર અને વિશ્વાસ

સ્ટોકિસ્ટ :-
## શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O): 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729